# શહેરમાં સરદાર જયંતિની ભાવપૂર્વક ઉજવણી



## સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ ગાંધીનગરમાં સરદાર પ્રતિમા સમક્ષ ભાવ વંદના કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દેશમાં પ્રાંત, જાતિ, ધર્મ, ભાષા અને જ્ઞાતિનો કોઈ ભેદભાવ ન રહે અને એક રાષ્ટ્ર-શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ થાય તેવો સંકલ્પ સૌ કરીએ તેમ જણાવ્યું છે.

ગાંધીનગર ખાતે અંખડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ સરદાર પ્રતિમા સમક્ષ મુખ્યમંત્રીએ પુષ્પાજંલિ અર્પણ કરીને ભાવ વંદના કરી હતી. ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સેન્ટ્રલ વિસ્ટા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દેશ માટે સરદાર સાહેબના યોગદાનનું સ્મરણ કરતાં દેશવાસીઓમાં ઐક્યનો ભાવ વધુને વધુ પ્રસરે અને સૌ શ્રેષ્ઠ ભારતના નિર્માણ કરવાની દિશામાં આગળ વધે તેવું આહવાન કર્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકેની ઉજવણી કરવાની શરૂઆત કરી છે. તે પરંપરા આજે પણ ચાલુ છે.

કેવિડયા ખાતે દેશના વડાપ્રધાન રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરી રહ્યાં છે. તેની સાથે સાથે ગુજરાતના વિવિધ સ્થળોએ પણ ગુજરાતના સપૂત અને લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ પુષ્પાજંલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીએ આજના અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલ છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સરદાર પટેલ ન હોત તો જૂનાગઢ અને હૈદરાબાદ ભારતના નકશામાં ન હોત અને આજે દેશનો નકશો કંઈક જુદો જ હોત.

આ પુષ્પાજંલિ સમારંભમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ, ગુજરાત હાઉસિંગ ફાયનાન્સ બોર્ડના અધ્યક્ષ વાડીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ વગેરે એ પણ સરદાર સાહેબને અંજલિ આપી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર રતનકંવર ગઢવીચારણ, અધિક નિવાસી કલેકટર એચ.એમ. જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ. ભોરણિયા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી.એસ. દવે સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.





રાષ્ટ્ર નિર્માતા એવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે મેયર રીટાબેન પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, મહાનગર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, કેતનભાઈ પટેલ સહિત મહાનુભાવો દ્વારા ન્યુ ગાંધીનગરમાં કુડાસણ ખાતે સરદાર ચોકમાં દેશના લોહપુરૂષ વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

# હનીટ્રેપમાં ફસાવી અપહરણ કરી બિભત્સ ફોટા પાડી પાંચ લાખ માંગ્યા


## કલોલ શહેર પોલીસે તમામ આરોપીઓને ગણતરીના કલાકમાં ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં ભરણપોષણનો કેસ પાછો ખેંચવા માટે યુવકનું અપહરણ કરાયું હતું. ત્યારબાદ યુવક અને યુવતિના બિભત્સ ફોટા પાડીને હનીટ્રેપમાં ફસાવવાની ધમકી આપીને રૂ. ૫ લાખની માંગણી કરનાર ૩ મહિલા સહિત ૫ આરોપીઓને કલોલ શહેર પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે અપહત્તાને છોડાવી પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બનાસકાંઠાના જાળી ગામના અને હાલ મહેસાણા ખાતે રહેતા ૨૬ વર્ષિય યુવક છતરાભાઈ બાળકાભાઈ રબારીના કહેવા મુજબ પાંચ વર્ષ પહેલા તેની બહેનના લગ્ન થરાદના રાહ ગામે થયા હતા. જેમાં સાટા પધ્ધતિમાં બહેનની નણંદ સાથે ફરીયાદી યુવકની સગાઈ થઈ હતી. લગ્નના બે વર્ષ બાદ ફરીયાદીના સાસરી પક્ષે કાઢી મુકતા તેઓએ કોર્ટમાં ભરણ પોષણનો કેસ દાખલ કર્યો હતો. જેથી યુવકનું અપહરણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. બંને પરિવાર વચ્ચે માથાકુટ બાદ એક માસ પહેલા યુવકના ફોન પર એક અજાણ્યા નંબરથી પ્રતિક્ષા નામની યુવતિનો ફોન આવ્યો હતો. તેના પછી બંન્ને વચ્ચે સમયાંતરે વાતચીત થતી હતી. આ દરમિયાન પ્રતિક્ષાએ હું તને પ્રેમ કરૂ છું તેમ કહીને પ્રેમનો એકરાર કર્યો હતો. જયારે શુક્રવારના રોજ યુવકના મોબાઈલ પર યુવતિનો ફોન આવ્યો હતો અને કલોલ અંબિકા નગર બસ સ્ટેન્ડ આવી જા આપણે આજે ગેસ્ટ હાઉસમાં જવુ છે તેમ કહ્યું હતું. જેથી કલોલ સિંદબાદ હોટલ પાસેથી યુવક બપોરના સમયે પોતાના ભાઈ સાથે બાઈક પર બેસીને અંબિકા બસ સ્ટેન્ડ આવી ગયો હતો. ત્યારબાદ ફરીયાદી યુવક અને તેનો ભાઈ યુવતિને સિંદબાદ હોટલ પાસે આવ્યા હતા. તે સમયે એક બાઈક પર પાછળથી બે વ્યકિત આવ્યા હતા. તેઓએ આ છોકરીને કેમ ઉપાડીને લઈ જાવ છો તેમ કહીને ધક્કા મુકી કરી હતી. બંને શખ્સો મોંઢુ બાંધીને આવ્યા હતા, પરંતુ તે પૈકીનો એક શખ્સ બહેનનો જેઠ હોવાનું ફરીયાદી ઓળખી ગયો હતો. આ સમયે એક ઈકો ગાડીમાં બે મહિલા આવી હતી. જે પ્રતિક્ષાને બેસાડીને અમદાવાદ તરફ ગઈ

● અનુસંધાન પાના - ૭ પર



### ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં આજે સતત ત્રીજા દિવસે કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓ વધુ છે.
- શહેર ભાજપ દ્વારા આજે મહેશ-નરેશ તેમજ કેશુબાબાને પુષ્પાંજલિ આપવાનો કાર્યક્રમ સે. ૧૬ રંગમંચ ખાતે યોજવામાં આવ્યો છે.
- રાજ્ય સરકારે વિજીલન્સ કમિશનર પદે રાજયના નિવૃત્ત થયેલા સનદી અધિકારી સુશ્રી સંગીતાસિંઘની વરણી કરી છે.
- દિપાવલીના દિવસો નજીક આવી રહ્યા છે પરંતુ શહેરના બજારમાં હજુ નવો માલ બહુ આવ્યો નથી.
- ગાંધીનગર-શહેર જિલ્લામાં કોરોનાના ટેસ્ટ ૧ લાખ ૩૦ હજાર લોકોના આજ સુધીમાં થયા છે.

# સે-૩/સી માં આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા અંધારપટ્ટ

## સેકટરોમાં વરસાદી દિવસોના અંતે પણ સ્ટ્રીટ લાઇટો બંધ રહેતી હોવાની ફરિયાદો વિશેષ : રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૩૧

શહેરના સેકટરોમાં લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. વરસાદ દિવસોથી સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સેવા ખોરવાઈ છે. સ્ટોર્મ વોટર લાઈનનુ આડેધડ ખોદકામ પણ આ સ્થિતિ માટે જવાબદાર છે. જયારે હાલમાં ખોદકામના અંતે પણ ઘણાં ઠેકાણે લાઈટો ચાલુ થઈ નથી. જયારે સેકટરની સોસાયટીમાં પણ લાઈટો ડુલ છે. સે-૩ સી માં પણ આવી સ્થિતિ છે.

શહેરના સેકટરોમાં વરસાદી દિવસોની શરૂઆતથી સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની બુમરાણ ઉઠવા પામી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ આખા ચોમાસા દરમિયાન મોટાભાગે સ્ટ્રીટ લાઈટો બંધ રહી છે. જયારે અધુરામાં પુરુ હોય તેમ સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામના લીધે કેબલ કટ ઓફ થઈ જતા રીંગરોડ પર લાઈટો ડુલ થઈ ગઈ છે. હાલ પણ સેકટરોમાં ઘણાં ઠેકાણે રીંગ રોડ પર અંધારુ જાવા મળે છે. નવરાતના તહેવારોમાં પણ સેકટરોની શેરીઓમાં અંધારુ હોવાનો આક્રોશ સ્થાનિકોએ વ્યકત કર્યો હતો જયારે આગામી દિવસોમાં દિવાળીનો તહેવાર પણ નજીકમાં છે. છતા સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો ઓછી થતી નથી સેકટરામાં તંત્ર દ્વારા સર્વે હાથ ધરી બંધ સ્ટ્રીટ લાઈટોનો તાગ મેળવીને ત્વરિત ફરિયાદો દુર કરવા માટે પણ કામ હાથ ધરવુ જોઈએ. સ્ટ્રીટ લાઈટો ચાલુ છે કે બંધ તે પણ તંત્રને સીધી ઓન સ્ક્રીન જાણ થઈ જતી હોવાનો દાવો કરવામાં આવે છે. જયારે ફરિયાદનુ પણ ત્વરિત નિરાકરણ આવી જાય છે તેમ પણ સુત્રો જણાંવી રહ્યા છે. આવા સંજોગોમાં સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા નાગરિકોને હાલાકી વેઠવી પડે છે. ઠંડીના દિવસો શરૂ થયા છે ત્યારે આમ પણ રાત્રિની અવરજવર દિનપ્રતિદિન ઘટી રહી છે. આવા સંજોગોમાં લાઈટો પણ બંધ હોવાથી સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. સે-૩ સી માં પણ સોસાયટીની આંતરિક લાઈટો પણ ડુલ છે. જયારે સેકટરમાં રીંગ રોડ સહીત ઘણાં ઠેકાણે લાઈટો ડુલ રહેતા લાંબા સમયથી અંધારાનુ સામ્રાજય છે.

# પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



આજરોજ સરદાર પટેલની જન્મ જયંતી નિમિત્તે અને 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ઉપલક્ષ્યમાં શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ના એન. એસ. એસ. યુનિટ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજની ૧૨ વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીનીઓએ 'ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ' વિષય ઉપર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયેલી આ વક્તૃત્વ સ્પર્ધામાં કોલેજના તમામ અધ્યાપકો ઉપરાંત મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. કોલેજના આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ડૉ. લીના સ્વાદિયા અને પ્રો. ભરતસિંગ રાવે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. એન. એસ. એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ નરેન્દ્ર કે. પટેલે આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



# સરદાર પટેલ સેવાદળ ગાંધીનગર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ ઉજવાઈ

અખંડ ભારતના ઘડવૈયા કે જેમને આખા ભારતને એક કર્યુ. રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ૩૧મી ઓક્ટોબર એવા ભારત માતાના સપૂત કે જેમના મનમાં ૨૪ કલાક દેશભક્તિ સિવાય બીજા કોઈ જ બીજો વિચાર કર્યો નથી એવા એકતાની પ્રેરણામૂર્તિ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મ જયંતિની શુભેચ્છા સાથે સરદાર પટેલ સેવાદળ ગાંધીનગર દ્વારા પાઠવવામાં આવી હતી.



આજરોજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૬મી જન્મ જયંતી પ્રસંગે ગાંધીનગર જિલ્લા લેઉવા પાટીદાર સમાજના આગેવાનો પ્રમુખશ્રી જે.એસ.પટેલ (ઉનાવા), મહામંત્રી શ્રી ઉરેન પટેલ (ઉવારસદ) અને સમાજના અગ્રણીઓએ સાથે વિધાનસભા પટાંગણમાં આવેલ સરદારશ્રીની પ્રતિમાને પુષ્પાંજલિ કરી હતી.

# સરદાર પટેલની જન્મ જયંતી અવસરે શ્રદ્ધાંજલિ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી અવસરે શ્રદ્ધાંજલિ પાઠવતા જણાવ્યું છે કે સરદાર પટેલે અખંડ ભારતનું જે સપનું સેવ્યું હતું તેને સુદઢ કરવા અને રાષ્ટ્રીય એકતાને વધુ મજબૂત કરવા સૌ નાગરિકો કૃતનિશ્ચયી બને.

# કેવડિયા દુનિયાના પ્રવાસન નકશા પર છવાશે : મોદી

## સરદાર પટેલની ૧૪૫મી જન્મજયંતી પર દેશમાં એક્તા દિવસ ઉજવાઈ રહ્યો છે ત્યારે મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દિવંગત નેતાને અંજલિ અર્પી

નર્મદા,તા.૩૧

સરદાર પટેલની ૧૪૫ મી જન્મજયંતી પર દેશભરમાં આજે એક્તા દિવસ ઉજવાઈ રહ્યો છે. ત્યારે લોખંડી પુરુષને શ્રદ્ધાંજલિ આપવા પીએમ નરેન્દ્ર મોદી સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે પહોંચ્યા હતા. અહી તેઓએ સરદારની પ્રતિમાને નમન કર્યું. હેલિકોપ્ટરથી સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારે ફૂલોની મહેક કેવડિયાની હવામાં મહેકી ઉઠી હતી. તેના બાદ પીએમ મોદી સરદાર પટેલના પગ પાસે પહોંચીને તેઓને ફૂલ અર્પણ કર્યા હતા. આ ક્ષણ દેશવાસીઓ માટે ખાસ બની રહી હતી. દેશના લોખંડી પુરુષ માટે પીએમ મોદી દ્વારા કરવામાં આવતી પુષ્પાંજલિ ખાસ બની રહી હતી. અહીથી હવે પીએમ મોદીના ગુજરાત પ્રવાસના બીજા દિવસની શરૂઆત થશે. ફાઈટર એર ક્રાફટ કેવડિયાના આકાશ પરથી પસાર થયા હતા અને એરફોર્સ દ્વારા અનોખી રીતે સરદારને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ આકાશી સલામી કેવડિયાવાસીઓ માટે ખાસ બની હતી. જ્યાં કેવડિયાના આકાશમાં એરફોર્સના વિમાનોની ગડગડાટી ફેલાઈ ગઈ હતી. ત્રણ જેગુઆર ફાઈટર એરક્રાફ્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરથી પસાર થયા હતા. જામનગર એરપોર્ટ પરથી ઉડાન ભરીને ત્રણેય જેગુઆર એરક્રાફ્ટ ૬૦૦ કિલોમીટરનું અંતર ૪૦ મિનીટમાં પસાર કરીને કેવડિયા પહોંચ્યા હતા. કેન્દ્રિય અર્ધ લશ્કરી દળો દ્વારા આ એકતા પરેડ યોજાઈ હતી. જેમાં વિવિધ ફોર્સ દ્વારા પોતાની શક્તિનું પ્રદર્શન કરાયું હતું. તેના બાદ ગુજરાતની આદિવાસી કલાકારો દ્વારા અદભૂત નૃત્ય રજૂ કરાયું હતું. સરદાર પટેલની પ્રતિમાને નમન કર્યા બાદ પીએમ મોદી એકતા પરેડ ગ્રાઉન્ડમાં આવ્યા હતા. તેઓએ એક્તા પરેડમાં તમામ લોકોને દેશની એક્તાના શપથ લેવડાવ્યા હતા. તો સાથે જ આ પરેડ ભવ્ય બની રહી હતી. જ્યાં સુરક્ષાના વિવિધ ભાગનો જવાનોએ પરેડ કરી હતી. પોતાની શક્તિ તથા એક્તાનું પ્રદર્શન કર્યું હતુ. હાલ સમગ્ર વિશ્વ ગુજરાતના આંગણે થઈ રહેલી આ ભવ્ય પરેડની નિહાળી રહ્યું છે. કેવડિયામાં રાષ્ટ્રીય એકતા દિવસની પરેડ દરમિયાન પીએમ મોદીને કેમલ બેન્ડ દ્વારા ૨૧ બ્યુગલોથી સલામી આપવામાં આવી હતી.

મૂળ ગુજરાત કેડરના જ્ઞાનેન્દ્રસિંઘ મલિક પરેડનુ નેતૃત્વ કરતા દેખાયા હતા. ગુજરાત પ્રવાસના પહેલા દિવસે નરેન્દ્ર મોદીએ કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી અને સરદાર સરોવર ડેમ માટે ડાયનેમિક લાઈટિંગનું ઉદઘાટન કર્યું. સાથે જ યુનિટી ગ્લો ગાર્ડન, કેક્ટસ ગાર્ડનની પણ મુલાકાત કરી. પીએમ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વેબસાઈટ, કેવડિયા મોબાઈલ એપ્લિકેશન અને કેવડિયામાં સરદાર પટેલ ઝુઓલોજિકલ પાર્કમાં જંગલ સફારીની શરૂઆત કરાવી. મોદીએ ઝુઓલોજિકલ પાર્કની ટુર પણ કરી. આ ઉપરાંત તેઓએ એક્તા મોલ, આરોગ્ય વન અને ચિલ્ડ્રન પાર્કનું પણ ઉદઘાટન કર્યું. અહી તેઓએ ટ્રેનની સવારી પણ કરી.

ટચૂકડી જાહેર ખબર
વેચવાની છે
ખ-રોડ ગાંધીનગર
● સ્વાગત રેઈન ફોરેસ્ટ 1st ફ્લોર 101-102 ફર્નિચર સાથે
● સ્વાગત રેઈન ફોરેસ્ટ 1st ફ્લોર C-113, C-114
Mo. 9824409327
Mo. 9904042342

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ